# શહેરના એક નાગરીકના બેંક ખાતામાં ૧૮.૮૫ કરોડ જમા થયા

ગાંધીનગર, તા.૨૮

દરેક વ્યકિત જીવનભર પરિવારનું જીવન નિર્વાહ કરવા માટે રૂપીયા કમાવા માટે રાત-દિવસ મજુરી કરે છે. આજની કારમી મોંઘવારી અને આધુનિક યુગમાં પૈસા જ સર્વસ્વ છે. પૈસા કમાવા માટે લોકો આંધળી દોટ મુકતા હોય છે. સામાન્ય રૂપીયા માટે આજના સમાજમાં લોકો એકબીજાની હત્યા કરતા પણ અચકાતા નથી. ત્યારે આજે પણ દુનિયામાં પોતાની મહેનતના રૂપીયાથી વધુ કંઈના ખપે તેવું માનનારો વર્ગ છે. ઈમાનદારી હજુ



પણ મરી પરવારી નથી તેવો કિસ્સો ગાંધીનગર શહેરમાં પ્રકાશમાં આવ્યો છે. શહેરના અગ્રણી આગેવાન સુનિલકુમાર જયંતિલાલ શાહ નામની વ્યકિતના બેંક ઓફ ઈન્ડીયાના એકાઉન્ટમાં આરટીજીએસ થકી અધધ રૂ ૧૮.૮૫ કરોડ જમા થતા તેઓ પણ ચોંકી ઉઠ્યા હતા. સુનિલભાઈને બેંકના એસએમએસ થકી જાણ થતા તેઓએ તુરંત બેંક મેનેજરને આ અંગે જાણ કરી રૂપીયા પરત કરવાની કાર્યવાહી શરુ કરી છે.

ગાંધીનગર શહેરના સેકટર-૨૮ જીઆઈડીસી ખાતે રાધિકા કન્સલ્ટન્સી એન્ડ સર્વિસ નામની ફર્મ ધરાવતા ૫૮ વર્ષિય સુનિલ શાહ સેકટર-૨૬ ગ્રીનસીટી કે-૧૧૬ ખાતે પોતાના પરિવાર સાથે વસવાટ કરે છે. તેઓ શહેરની અનેક સેવાભાવી સંસ્થાઓ, ગાંધીનગર શહેર વસાહત મહામંડળ સહિત ગ્રીનસીટી વસાહતના પ્રમુખ છે. સતત કાર્યશીલ રહેતા સુનિલભાઈને મહેનતમાં જ રસ મહેનત વગરનું નકામુ તેઓ તેમનો સિધ્ધાંત.. સુનિલભાઈ ઉદ્યોગકાર હોવાથી વર્ષોથી કરન્ટ એકાઉન્ટ બેંક ઓફ ઈન્ડીયામાં કાર્યરત છે. શુક્રવારના રોજ બપોરના સુમારે સુનિલભાઈના મોબાઈલ પર એક બેંકનો એસએમએસ આવ્યો જેમાં તેમના એકાઉન્ટમાં ૧૮.૮૫ કરોડ જમા થયાનું જાણવા મળ્યું હતું. આટલી મોટી રકમ એક સાથે તેઓના ખાતામાં જમા થતાં સુનિલભાઈ ચોંકી ઉઠ્યા હતા.

## આરટીજીએસથી જમા થયેલ રકમ પરત કરવા નાગરીકે બેંકને જાણ કરીને તજવીજ શરુ કરીને નૈતિક ફરજ બજાવી

તુરંત બેંક મેનેજરનો સંપર્ક કરીને રકમ જેતે પાર્ટી કે સંસ્થાના એકાઉન્ટમાં પરત કરવાની કાર્યવાહી હાથ ધરી છે. પરંતુ બેંકમાં શનિ-રવિવારની રજા આવી ગઈ હોવાથી આ રકમ પરત કરવા ઘટતી કાર્યવાહી કરવા તેઓએ લેખિત પત્ર દ્વારા જણાવ્યું છે. વધુમાં જણાવે છે કે આટલી મોટી રકમ મારા એકાઉન્ટમાં જમાં થઈ છે તે અંગે ભવિષ્યમાં આયકર વિભાગ દ્વારા આ રકમનો ખુલાસો માંગવામાં આવે તો તે અંગે બેંક દ્વારા રકમ ભુલથી જમા થઈ ગઈ હતી અને પરત લીધી છે તે અંગેનું આયકર વિભાગ તરફનું પ્રમાણપત્ર બેંકના લેટરપેડ પર ઈસ્યું કરવા સુનિલભાઈ એ જણાવ્યું છે. અત્યારે હાલ તો ઈમાનદારી અને નિષ્ઠાપૂર્વક નૈતિક ફરજ બજાવીને રૂપીયા પરત કરવાની કાર્યવાહીમાં લાગેલા સુનિલભાઈ આનંદ અને ગૌરવની લાગણી અનુભવે છે.

# ગાંધીનગર હોસ્પિટલમાં દર્દીને સહાય ના મળતા ઓપરેશન વગર પરત ફર્યો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ૨૪ દિવસથી રાજસ્થાનનો દર્દી સારવાર લઈ રહ્યો હતો. આ ગરીબ દર્દીને મેડીકલ સહાયની જરુર હતી પરંતુ ના તો સિવિલ તરફથી મળી ના તો કોઈ સામાજીક સંસ્થા તરફથી છેવટે કંટાળી કણસી રહેલા દર્દીએ ઓપરેશન વગર ઓર્થોપેડીક વિભાગમાંથી જે થવું હોય તે થાય તેમ માની પોતાના વતનની વાટ પકડી લીધી હતી. કારણ કે ઓપરેશનમાં તંત્ર તરફથી દસ હજાર જેટલા ખર્ચનો અંદાજ આપવામાં આવ્યો હતો.

ગાંધીનગર મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ કોર્પોરેટ બનતા ગાંધીનગર આસપાસના જિલ્લા સહિત રાજસ્થાનમાંથી પણ દર્દીઓ સારવાર માટે મોટીસંખ્યામાં આવે છે. દર્દીઓને મળતી માળખાકીય સુવિધામાં પણ વધારો કરવામાં આવ્યો છે. જેને પગલે સિવિલમાં સતત દર્દીઓનો ધસારો દિનપ્રતિદિન વધી રહ્યો છે. પ્રાપ્ત માહિતિ મુજબ રાજસ્થાનમાંથી આવેલ એક દર્દી છેલ્લા ૨૪ દિવસથી ઓર્થોપેડીક વિભાગમાં સારવાર લઈ રહ્યો હતો.

## રાજસ્થાનનો દર્દી છેલ્લા ૨૪ દિવસથી સારવાર લઈ રહ્યો હતો

રાજસ્થાનના ગરીબ દર્દી પાસે રૂપીયા નહોતા. તે કોઈની મદદની રાહ જોઈને ઓપરેશન માટે કાગડોળે રાહ જોતો હતો. તંત્ર તરફથી આ દર્દીના કહેવા મુજબ દસ હજારનો અંદાજ આપવામાં આવ્યો હતો. સિવિલ તરફથી મદદ શકય તેટલી મદદની તૈયારી દર્શાવાઈ હતી. પરંતુ આ દર્દીની સારવારના ખર્ચ માટે કહેવાતી સામાજીક સંસ્થા એક પણ વ્હારે ના આવતા ના છુટકે દર્દથી કણસતો દર્દી ઓર્થોપેડીક વિભાગમાંથી રજા લઈને પોતાના વતન પરત ફર્યો હતો. અને રૂપીયાની જોગવાઈ થતા ઓપરેશન માટે પરત ગાંધીનગર આવશે.



કેન્દ્ર સરકારના બે વર્ષના શાસનમાં દરેક વર્ગને સ્પર્શતા વિષયો, તથ્યો, આંકડાઓ અને વાસ્તવિક્તા સાથે અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિએ તૈયાર કરેલ એક પુસ્તિકા પ્રસિદ્ધ કરતાં અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના પ્રવક્તા અને સાંસદશ્રી અભિષેક મનુ સિંઘવીએ આજે રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, દેસના ૧૨૫ કરોડ નાગરિકો સમક્ષ મોદી સરકારના ૨૪ મહિનાની જે ખામીઓ છે તેનો કોંગ્રેસ પક્ષ વિગતો રજૂ કરે છે ત્યારે મોદી સરકાર કરોડો રૂપિયાના ખર્ચે ઢોલ - નગારા, બેન્ડવાજા અને જાહેરાતોના આધારે ઉત્સવો મનાવતા કહે છે કે, 'જરા સા મુસ્કુરા દો' બે વર્ષમાં દેશનો અન્નદાતા ખેડૂત આંસુ પાડે છે, બે વર્ષમાં અર્થ વ્યવસ્થા ડામાડોળ અને કાળા વાદળ મંડળાઈ રહ્યા છે, બે વર્ષમાં દેશના બેરોજગાર નવયુવાનો ઠેર ઠેર ઠોકર કાઈ રહ્યાં છે, બે વર્ષમાં વિદ્યાર્થીઓ અને દલિતો પર અત્યાચાર વધી રહ્યાં છે, આવી પરિસ્થિતિ વચ્ચે મોદી સરકાર કહે છે 'આવો જરા સા.. મુસ્કુરા દો...' ત્યારે દેશની અટકી ગયેલ પ્રગતિની અને બે વર્ષમાં દેશની ખરાબ પરિસ્થિતિ રજૂ કરી રહ્યાં છે અને તેઓ દેશની બેહાલીનો ઉત્સવ મનાવી રહ્યાં છે ત્યારે સત્યનો અરિસો અમે બતાવી રહ્યાં છે.

## બહુજન સમાજ પાર્ટી જિલ્લા સમિતિના હોદ્દેદારોની વરણી

તાજેતરમાં બહુજન સમાજ પાર્ટી ગાંધીનગર સમિતિની જાહેર સભા યોજાઈ હતી. જેમાં જિલ્લાના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જિલ્લા પ્રભારી તરીકે પ્રવીણભાઈ વાઘેલા, પ્રમુખ તરીકે ચિરાગ પરીખ, ઉપ પ્રમુખ તરીકે અમૃતભાઈ કાપડીયા, મહાસચિવ રાજીવ પરીખની નિમણૂંક કરાઈ હતી. આ ઉપરાંત જિલ્લા સચિવ તથા વિધાનસભા પ્રભારીમાં ગાંધીનગર ઉત્તર વિધાનસભામાં હર્ષદભાઈ પરમાર, કલોલ વિધાનસભામાં જગદીશભાઈ પરમાર, માણસા વિધાનસભામાં સોમભાઈ વાઘેલા, દહેગામ વિધાનસભામાં અશ્વીનભાઈ મકવાણા, ગાંધીનગર દક્ષીણ વિધાનસભામાં શૈલેષભાઈ પરમાર અને ખજાનચી પદે તુષારભાઈ આગજા સહિતની વરણી કરાઈ હતી. આ કાર્યક્રમાં શ્રી છઠુરામ, ભગુભાઈ પરમાર, ત્રિભોવન વાઘેલા, ભીજેંદ્રસિંહ બાબરીયા, ડી.એસ. વાઘેલા, નીરંજન ઘોષ વક્તાઓ તરીકે ઉપસ્થિત હતા.

# ગાંધીનગરના ડૉ. હિમાંશુ પટેલ મહેસાણા જિલ્લા કોંગ્રેસના નિરીક્ષક તરીકે નિમાયા



ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા સંગઠનના જિલ્લા નિરીક્ષકોની નિમણુક કરાઈ હતી. શહેર જિલ્લાઓના સંગઠનને મજબુત બનાવવાના હેતુથી પ્રદેશ કક્ષાએથી નિમાયેલા નિરીક્ષકોમાં ગાંધીનગર નાગરિક બેંકના ચેરમેન અને પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલની મહેસાણા જિલ્લાના નિરીક્ષક તરીકે નિમણૂક થતાં શહેરમાં ભારે આવકાર મળ્યો હતો.

આ ઉપરાંત વિક્રમસિંહ ખાચર અને બાબુજી ઠાકોરની નિમણૂક પણ યાદીમાં કરાઈ છે. ગાંધીનગર જિલ્લાના નિરીક્ષક તરીકે ધારાસભ્ય શ્રી બળવંતસિંહ રાજપૂત અને રમેશભાઈ દેસાઈ નિમાયા છે. જ્યારે ગાંધીનગર શહેરના નિરીક્ષક તરીકે પૂર્વ ધારાસભ્ય ડૉ. જીતુભાઈ પટેલ અને રાજકોટના અગ્રણી શ્રીમતી ગાયત્રીબા વાઘેલા નિમાયા છે.

કોંગ્રેસના સંગઠનને મજબુત કરવા સાથે વિધાનસભાની ચૂંટણી માટે તૈયારીઓ આરંભવાના ભાગરૂપે સંગઠનની નિમણૂકો કરાઈ છે. ૪૧ શહેર જિલ્લા સમિતિઓના ૮૨ જેટલા નિરીક્ષકોની નિમણૂક શનિવારે સાંજે કરાઈ હતી.

## ખૂણે ખાંચરેથી...

● નોલેજ સીટીની ઓળખ માટે મથી રહેલા ગાંધીનગરમાં આ વખતે ધો. ૧૨ના સામાન્ય પ્રવાહના પરિણામે આપેલા ઝટકાની ચર્ચા સૌ શિક્ષણપ્રેમીઓ અને લોકોમાં થતી જોવા મળી હતી.

● ગાંધીનગર શહેરની સ્ટ્રીટલાઈટો હવે એલ.ઈ.ડી. બલ્બ લગાવવામાં આવશે.

● ધારાસભ્ય અશોક પટેલને દાંતની સારવાર ચાલી રહી છે.

● ગાંધીનગર શહેરમાં ચોમાસા પહેલાનો ઉકળાટ બફારો ભારે લોકો અનુભવી રહ્યા છે.

● ગાંધીનગર શહેરમાં જ્યાં સૌથી વધુ અકસ્માતો થાય છે તેવા વિસ્તારોને અલગ તારવવામાં આવી રહ્યા છે.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કોમ્પ્યુનિકેશન સેવાઓને આધુનિક બનાવાશે.

● ગાંધીનગર જિલ્લામાં ખરીફ પાકની વાવણી ધીમીગતિએ આરંભાઈ છે પણ જેમ વરસાદના દિવસો નજીક આવશે તેમ તેમાં વેગ આવશે.

## ગુણ ચકાસણી અરજી ઓનલાઈન સ્વીકારાશે

માર્ચ ૨૦૧૬માં લેવામાં આવેલી સામાન્ય પ્રવાહ વ્યવસાયલક્ષી પ્રવાહ અને ઉચ્ચતર બુનિયાદી પ્રવાહનું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યા બાદ હવે ગુણચકાસણીની અરજીઓ હવે ઓનલાઈન કરી શકાશે. આ અરજીઓ ઓનલાઈન કરી શકાશે. ચોથી જૂનથી ૧૪મી જૂન સુધી સ્વીકારવામાં આવશે.

